**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૬ ફેબ્રુઆરી ૨૦૧૩**

**દેશની નિરાશા, અને મુંબઈગરાં ની ઉપેક્ષા કરનારૂં રેલ્વે અર્થસંકલ્પ : રામ નાઈક**

**મુંબઈ, મંગળવાર :** "દેશની ઘોર નિરાશા કરનારૂં અને મુંબઈ સહિત સંપૂર્ણ મહારાષ્ટ્રની ઉપેક્ષા કરનારૂં આ રેલ્વે અર્થ સંકલ્પ છે. દેશભરમાં એકલાં રાયબરેલીમાંજ હજુ એક પ્રકલ્પ મળવાથી ઉત્સાહ હોઈ શકે", આ મુજબની ટીકા માજી રેલ્વે રાજયપ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે કરેલ છે.

"છુપો નૂરવધારો કરનારૂં આ રેલ્વે અર્થ સંકલ્પ છે, પાદચારી પુલ જેવા પ્રકલ્પોની રાજય સરકાર તરફ જવાબદારી ધકેલીને રેલ્વે પ્રધાને પ્રગતી નું નહીં પરંતુ પ્રતિગામી પગલું ભર્યું છે," આવું સ્પષ્ટ પ્રતિપાદન કરી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "મુંબઈ ઉપનગર પ્રવાસીઓ નવા પ્રકલ્પની આતુરતાપુર્વક રાહ જોઈ રહ્યાં હતાં પ્રત્યક્ષે નવો પ્રકલ્પ તો નહીં પરંતુ સામે પક્ષે ચર્ચગેટ-દહાણૂ માર્ગ તૈયાર થઈને બે વર્ષ થઈ ગયાં છતાંયે સીધી ચર્ચગેટ-દહાણૂ ટ્રેન કયારે દોડતી થશે તેની પણ જાહેરાત ન કરતા મુંબઈગરાં ના ઘા પર મીઠું ભભરાવવાનું કામ રેલ્વે પ્રધાને કરેલ છે."

મુંબઈગરાં ને રેલ્વે પ્રધાન શ્રી પવનકુમાર બંસલ શું દૂધપીતા બાળક સમજે છે તેવો પ્રશ્ન કરી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "ગયાં વર્ષના રેલ્વે અર્થ સંકલ્પમાં મુંબઈ ઉપનગરી રેલ્વે માટે જાહેર કરેલી એક પણ યોજના પૂર્ણ થયેલ નથી. ૫૦ એસ્કેલેટર આખા વર્ષ દરમ્યાન થવાના હતા, પ્રત્યક્ષે એક પણ થયું નથી. ૭૫ નવી ટ્રેનો દોડનાર હતી, તે પણ બધી શરૂ થઈ નથી. હવે આ વખતે પણ ૭૨ વધારાની ફેરી ની જાહેરાત થઈ હોય, તોયે પ્રત્યક્ષે કેટલી વધશે તે બદલ ઉપનગર પ્રવાસી સાશંકિત છે. પોતાની ઉપેક્ષા થઈ હોવાની સ્પષ્ટ ભાવના મુંબઈગરાંના મનમાં છે."

**( કાર્યાલય સચિવ )**